| ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર<br>પ્રોવિઝનલ આન્સર કી સંદર્ભે વાંધા સૂચનો રજૂ કરવા<br>અંગેની સૂચના | |
|---|---|
| **જાહેરાત ક્રમાંક** | ૨૦૮/૨૦૨૨૨૩ |
| **સંવર્ગનું નામ** | રેખનકાર, વર્ગ-૩ |
| **પરીક્ષાની તારીખ** | ૨૭/૦૮/૨૦૨૩ |
| **પેપર કોડ** | DEF |
| **પ્રશ્નો** | 01 to 100 |
| **પ્રોવિઝનલ આન્સર કી જાહેર કર્યા તારીખ** | ૩૧/૦૮/૨૦૨૩ |
| **વાંધા સૂચનો રજૂ કરવાની શરૂઆતની તારીખ** | ૩૧/૦૮/૨૦૨૩ |
| **વાંધા સૂચનો રજૂ કરવાની આખરી તારીખ** | ૦૭/૦૯/૨૦૨૩ |

**ઉમેદવારે વાંધા–સૂચનો રજૂ કરતી વખતે નીચેની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે અન્યથા તેઓની વાંધા–સુચનો અંગેની કરેલ રજુઆતો ધ્યાને લેવામાં આવશે નહીં.**

(૧) ઉમેદવારે પ્રશ્ન પ્રમાણે વાંધા–સૂચનો રજૂ કરવા વેબસાઇટ પર પ્રસિધ્ધ થયેલ નિયત વાંધા–સૂચન પત્રકના નમૂનાનો જ ઉપયોગ કરવો.

(૨) ઉમેદવારે વાંધા–સૂચનો નિયત કરવામાં આવેલ સૂચન પત્રકથી રજૂ કરવાના રહેશે. અલગ–અલગ પ્રશ્ન માટે અલગ–અલગ પત્રકમાં વાંધા–સૂચન રજૂ કરવા. એક જ વાંધા–સૂચન પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજુઆત કરેલ હશે તો તે અંગેના વાંધા–સૂચનો ધ્યાનમાં લેવાશે નહીં.

(૩) પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવાર જ વાંધા– સૂચન રજુ કરી શકશે.

(૪) **ઉમેદવારે પોતાને પરીક્ષામા મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાંક મુજબ વાંધા–સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા–સૂચનો વેબસાઇટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કીના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા.**

(૫) પ્રશ્નપત્રમાં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા–સૂચન ધ્યાને લેવામાં આવશે નહી.

(૬) ઉમેદવારે જે પ્રશ્નના વિકલ્પ પર વાંધા રજુ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે. એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઇએ ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા–સુચન ધ્યાનમાં લેવાશે નહીં.

(૭) ઉમેદવારે વાંધા–સૂચન સાથે પોતાની જવાબવહીની નકલ બિડાણ કરવાની રહેશે.

(૮) આખરી તારીખ બાદ મળેલ વાંધા–સૂચનો ધ્યાને લેવામાં આવશે નહીં.

(હસમુખ એચ. પટેલ)
સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
ગાંધીનગર

સ્થળઃ ગાંધીનગર
તારીખઃ ૩૧/૦૮/૨૦૨૩

# <u>પ્રોવિઝનલ આન્સર કી અંગે ઉમેદવારના સૂચન/રજૂઆત</u>

જાહેરાત ક્રમાંકઃ  કસોટીનું નામ:  સંવર્ગનું નામઃ-

કસોટીની તારીખઃ-  પેપરનું નામ (કોડ સાથે) :

| વેબ સાઇટ પર મુકેલ પ્રોવિઝનલ આન્સર કી મુજબ | | | | ઉમેદવારની રજુઆત | | |
|---|---|---|---|---|---|---|
| પ્રશ્ન ક્રમાંક અને સિરિઝ | પ્રશ્નની વિગત | પ્રોવિઝનલ આન્સર કી મુજબ જવાબ **(A/ B/ C/ D)** | ઉમેદવારનો સૂચિત જવાબ **(A/ B/ C/ D)** | રજુઆતની વિગત | સંદર્ભ /માહિતી સ્રોત (નકલ બીડવી) | વેબસાઇટની વિગત |
| | | | | | (૧) પુસ્તકનું નામ:<br><br>(૨) પૃષ્ઠ નંબર:<br><br>(૩) લેખકનું નામ:<br><br>(૪) પ્રકાશકનું નામ / સરનામું:<br><br>(૫) પ્રકાશનનું વર્ષ: | વેબસાઇટનું નામ |

નોંધઃ એક પાના ઉપર એક જ પ્રશ્નની રજુઆત લખવી તથા અન્ય પ્રશ્ન માટે અલગ પાન પર રજુઆત કરવી. તમામ સૂચનો વેબસાઇટ પર મુકેલ પ્રોવિઝનલ આન્સર કી સંદર્ભે તેમાં દર્શાવેલ સમય મર્યાદામાં સ્વીકાર્ય બનશે.

ઉમેદવારનું નામ :- ..........................................  અરજીની તારીખ :- ..........................................

બેઠક નંબર :- ..........................................  ઉમેદવારની સહી :- ..........................................

પ્રશ્નપુસ્તિકા કોડ **M**

This Question Booklet Contains 16 Printed Pages આ પ્રશ્નપત્રમાં કુલ 16 છાપેલા પાનાં છે.

પેપર કોડ **DEF-2023**

પ્રશ્નપુસ્તિકા નંબર

| | | |
|---|---|---|
| સમય : 90 મિનિટ | Time : 90 Minutes | ઉમેદવારનો બેઠક નંબર |
| કુલ પ્રશ્નો : 100 | Total Que. : 100 | |
| કુલ ગુણ : 100 | Total Marks : 100 | |

**તમને સૂચના આપવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહી.**

**(01)** આ પ્રશ્નપત્રમાં કુલ **100** પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર **A, B, C** અને **D** પૈકી કોઈ એક છે. ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેના માટે **OMR** ઉત્તરપત્રમાં વિકલ્પ **E** આપેલ છે. બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજીયાત છે. આ સાથે અલગ આપેલ **OMR** ઉત્તરપત્રમાં જ ઉત્તર આપવાના છે.

**ઉદાહરણ તરીકે :**

**ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે?**

A) સરદાર પટેલ  B) સુભાષચંદ્ર બોઝ

C) મહાત્મા ગાંધી  D) વિનોબા ભાવે

**ઉત્તરપત્ર (OMR SHEET) માં.**

Ⓐ Ⓑ ● Ⓓ Ⓔ

ઉપર્યુક્ત ઉદાહરણનો જવાબ **"C"** છે. આથી **"C"** નું વર્તુળ ઘાટું (**encode**) કરેલ છે. સાચી અને ખોટી પદ્ધતિથી વર્તુળ ઘાટુ કરવા બાબતની સૂચના **OMR** ની પાછળ આપેલ છે જેની નોંધ લેવી.

**(02)** **1** થી **100** પ્રશ્નો પુરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય અથવા તો અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરત જ નિરીક્ષક પાસેથી પ્રશ્નપુસ્તિકા અચૂક બદલાવી લેવી.

ઉમેદવારને **OMR** ઉત્તરપત્ર મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો તે ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે.

**(03)** પરીક્ષા શરૂ થયેથી ઉમેદવાર અધવચ્ચેથી પરીક્ષા ખંડ છોડી શકશે નહી. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પોતાનું પ્રશ્નપત્ર લઈ જઈ શકશે.

**(04)** ઉમેદવારે પોતાના બેઠક ક્રમાંકની પ્રશ્નપુસ્તિકા અને **OMR** ઉત્તરપત્ર મળેલ છે તેની ખાતરી કરી લેવી અન્યથા ખંડ નિરીક્ષકનું તરત જ ધ્યાન દોરવું. ઉમેદવારને **OMR** ઉત્તરપત્ર મળે કે તરત જ તેમાં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક ક્રમાંક સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે તેમજ બેઠક ક્રમાંક નીચે આપેલ વર્તુળ પણ ઘાટુ (**encode**) કરવાનું રહેશે. મળેલ પ્રશ્નપુસ્તિકાનો કોડ નિયત જગ્યાએ લખીને તેની સાથે આપેલ વર્તુળ પણ ઘાટુ (**encode**) કરવાનું રહેશે. લખેલી વિગતો અને ઘાટુ (**encode**) કરેલ વર્તુળની વિગતો યોગ્ય રીતે ભરાયેલ છે તેની ખાતરી કરી લેવી.

**(05)** પ્રત્યેક સાચા જવાબદીઠ **1** (એક) ગુણ મળવાપાત્ર થશે. મંડળ દ્વારા ગુણાંકન પધ્ધતિમાં માઈનસ પધ્ધતિ દાખલ કરવામાં આવી છે. જે મુજબ - પ્રત્યેક ખોટા જવાબદીઠ, ખાલી છોડેલ જવાબદીઠ તથા છેકછાક કરેલ હોય તેવા જવાબદીઠ **OMR** ની પાછળ જણાવ્યા પ્રમાણેની ખોટી પદ્ધતિથી કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબદીઠ **0.25** ગુણ કાપવામાં આવશે. જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ **(E)** ઘાટુ (**encode**) કરશે તો **0.25** ગુણ કાપવામાં આવશે નહિં.

**(06)** **OMR** ઉત્તરપત્રમાં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની ઓળખ છતી થાય તેવી નામ કે અન્ય કોઈ પણ પ્રકારની નિશાની દર્શાવવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ કર્યાનું માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

**(07)** ઉત્તરપત્ર (**OMR SHEET**) માં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંનેની સહી વિનાની **OMR SHEET** (ઉત્તરપત્ર) વાળા ઉમેદવાર ગેરલાયક ઠરશે.

**(08)** પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, માર્ગદર્શિકા, કાપલી, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, કેલક્યુલેટર, બ્લુટુથ, સ્માર્ટ વોચ કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

**(09)** ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું કે અન્ય કોઈ ગેરરીતી કરવી તે ગેરશિસ્ત ગણાશે.

**(10)** ઉમેદવારે ભૂરી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી (**White Ink**), બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે પ્રશ્નના જવાબમાં કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

**પરીક્ષા આપનાર ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગનિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**

001. નીચેનામાંથી ભારતીય બંધારણના ક્યાં અનુચ્છેદમાં ધાર્મિક સ્વાતંત્ર્યતાના અધિકારની જોગવાઈ કરેલ છે.

(A) 19 થી 22
(B) 25 થી 28
(C) 14 થી 18
(D) 23 થી 24

002. નીચેનામાંથી મ્યુનિસિપલ કમિશ્નરની નિમણૂક કોણ કરે છે?

(A) રાજ્યપાલ
(B) કેન્દ્ર સરકાર
(C) રાષ્ટ્રપતિ
(D) રાજ્ય સરકાર

003. ભારતમાં 'મિસાઈલ મહિલા (missile woman)' તરીકે નીચેનામાંથી કોણ ઓળખાય છે?

(A) ટેસી થોમસ
(B) કે. સુધામ્બિકા
(C) ડી. ભરતી
(D) કે. થોમ્સ

004. નીચેનામાંથી કઈ બાબત સરકારી કર્મચારીના કાર્યક્ષેત્ર સાથે સંબંધિત નથી?

(A) સરકારશ્રીની નીતિ બનાવવામાં મદદરૂપ થવું
(B) સરકારશ્રીની નીતિનો અમલ કરવો
(C) ચૂંટણીમાં પ્રચારતંત્ર ગોઠવવું
(D) મંત્રીશ્રીને સરકારી નીતિ બાબત સલાહ આપવી

005. દેશની રાષ્ટ્રીય વનનીતિ મુજબ દેશની કુલ જમીનવિસ્તારના કેટલા ટકા વિસ્તારમાં જંગલો હોવા આવશ્યક છે?

(A) 33 %
(B) 50 %
(C) 66 %
(D) 75 %

006. નીચેનામાંથી ક્યો પ્રદેશ 'પાંચ નદીઓનો પ્રદેશ' કહેવાય છે?

(A) પંજાબ
(B) જયપુર
(C) ઉદયપુર
(D) અમૃતસર

007. નીચેનામાંથી ક્યાં સત્યાગ્રહ દરમ્યાન મોહનલાલ પંડ્યાને 'ડુંગળી ગોર'નું બિરૂદ અપાયું હતું?

(A) બારડોલી સત્યાગ્રહ
(B) મીઠા સત્યાગ્રહ
(C) ખેડા સત્યાગ્રહ
(D) ચંપારણ સત્યાગ્રહ

008. કચ્છ જિલ્લામાં આવેલ પાંધ્રો વિસ્તાર નીચેનામાંથી કઈ બાબત માટે જાણીતો છે?

(A) જીપ્સમ (B) લિગ્નાઈટ કોલસો

(C) બોકસાઈટ (D) લોખંડ

009. 15 ઓગસ્ટ 2023 ના રોજ ભારત દ્વારા નીચેનામાંથી ક્યાં સ્વતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે?

(A) 75 માં (B) 76 માં

(C) 77 માં (D) 78 માં

010. PM-KUSUM (પીએમ કુસુમ) યોજના કઈ બાબત સાથે સંબંધિત છે?

(A) બાગાયત ખેતીના વિકાસ બાબતે

(B) પુનઃપ્રાપ્ય ઊર્જા(Renewable Energy) બાબતે

(C) જમીન વિકાસ બાબતે

(D) નિકાસમાં વધારો કરવા બાબત

011. 1 થી 50 સુધી કુલ કેટલી અવિભાજ્ય સંખ્યાઓ આવે? સાચો વિકલ્પ પસંદ કરો.

(A) 9 (B) 11

(C) 13 (D) 15

012. ત્રણ ઘડિયાળોમાં અનુક્રમે 8 મિનિટ, 12 મિનિટ અને 15 મિનિટના અંતરે અવાજ આવે છે. જો તે ત્રણેયમાં એક સાથે બપોરે 03:00 PM વાગ્યે અવાજ આવે તો ફરી ક્યાં સમયે એક સાથે અવાજ આવશે?

(A) 5 PM (B) 6 PM

(C) 7 PM (D) 8 PM

013. 17, 19, A, 27, B, 35 ની સરેરાશ 25 હોય તો નીચેનામાંથી ક્યું યુગ્મ A અને B ની સંખ્યા હોય શકે?

(A) 18 અને 32 (B) 20 અને 30

(C) 21 અને 31 (D) 22 અને 32

014. એક સંખ્યાના 37.5% માંથી 87.5 બાદ કરતાં જવાબ 100 આવે છે. તો નીચેનામાંથી તે સંખ્યા કઈ હશે?

(A) 250 (B) 500

(C) 600 (D) 700

015. જો બે સંખ્યાનો સરવાળો 204 હોય અને તે સંખ્યાનો ગુણોત્તર 8 : 9 હોય તો તે બે સંખ્યા નીચેના વિકલ્પમાંથી પસંદ કરો?

(A) 96 અને 108
(B) 108 અને 96
(C) 98 અને 106
(D) 106 અને 98

016. એક કામ A 15 દિવસમાં પૂર્ણ કરે છે. જ્યારે A અને B બંને ભેગા મળીને તે કામ 10 દિવસમાં પૂર્ણ કરે છે. જો તે કામ B એકલા દ્વારા કરવામાં આવે તો B કેટલા દિવસમાં તે કામ પૂર્ણ કરે? સાચો વિકલ્પ પસંદ કરો.

(A) 12 દિવસ
(B) 18 દિવસ
(C) 24 દિવસ
(D) 30 દિવસ

017. એક વ્યક્તિ ઘરેથી ઓફિસ 3 કિ.મી./કલાકની ઝડપે જાય છે જ્યારે ઓફિસથી ઘરે 4 કિ.મી./કલાકની ઝડપે આવે છે. જો આ મુસાફરીમાં તેને કુલ 7 કલાકનો સમય લાગતો હોય તો ઘર અને ઓફિસ વચ્ચે કેટલું અંતર હશે?

(A) 6 કિ.મી.
(B) 9 કિ.મી.
(C) 12 કિ.મી.
(D) 15 કિ.મી.

018. એક ટ્રેન શહેર A થી 65 કિ.મી./કલાકની ઝડપથી શહેર B તરફ જઈ રહી છે. જ્યારે બીજી ટ્રેન શહેર B થી 55 કિ.મી./કલાકની ઝડપથી શહેર A તરફ જઈ રહી છે. જો બંને ટ્રેન સવારે 8 વાગ્યે (8 AM) ચાલુ થતી હોય અને બંને શહેર વચ્ચેનું અંતર 420 કિ.મી. હોય તો કેટલા વાગ્યે બંને ટ્રેન એકબીજાને મળશે?

(A) 11:30 AM
(B) 12:30 PM
(C) 1:30 PM
(D) 2:30 PM

019. ભય : ધમકી :: ગુસ્સો : ? સાચો વિકલ્પ પસંદ કરો.

(A) મજબૂરી
(B) ગભરાટ
(C) ઉશ્કેરણી
(D) ઊંઘ

020. આપેલ વાક્ય પરથી નીચેના વિધાનોને અનુરૂપ સાચો વિકલ્પ પસંદ કરો.

$C > D < U \geq V = N \geq X > Z$

વિધાન 1. $U > X$

વિધાન 2. $U = X$

વિકલ્પ :

(A) વિધાન 1 સાચું છે
(B) વિધાન 2 સાચું છે
(C) બંને વિધાન સાચા છે
(D) બંને વિધાનમાંથી ગમે તે એક વિધાન સાચું છે

021. નીચે દર્શાવેલ શબ્દોનો અભ્યાસ કરીને તેના વિશે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) ચાકર, કિંકર, અનુચર

(2) કાયા, વપુ, રિપુ

(3) કોકિલ, વનપ્રિય, પરભૃતા

(4) અંશુ, મયૂખ, કંદર્પ

(A) તમામ શબ્દો સમાનાર્થી છે.

(B) (1) અને (4)માં તમામ શબ્દો સમાનાર્થી છે જ્યારે (2) અને (3)માં તમામ શબ્દો સમાનાર્થી નથી.

(C) (1) અને (3) માં તમામ શબ્દો સમાનાર્થી નથી જ્યારે (2) અને (4)માં તમામ શબ્દો સમાનાર્થી છે.

(D) (1) અને (3) માં તમામ શબ્દો સમાનાર્થી છે જ્યારે (2) અને (4)માં તમામ શબ્દો સમાનાર્થી નથી.

022. નીચેનામાંથી કઈ જોડી વિરૂદ્ધાર્થી શબ્દોની નથી.

(A) અંશ-છેદ (B) અલક-કચ

(C) અધોબિંદુ-શિરોબિંદુ (D) ઉગ્ર-સૌમ્ય

023. 'કોહલી વડે સદી ફટકારાઈ' - વાક્યને કર્તરિ વાક્યમાં ફેરવો.

(A) કોહલી સદી ફટકારે છે. (B) કોહલી દ્વારા સદી ફટકારવામાં આવી.

(C) કોહલીએ સદી ફટકારી. (D) કોહલી સદી ફટકારશે.

024. 'શિક્ષક વિદ્યાર્થી પાસે કામ કરાવે છે' - આ વાક્યનો પ્રકાર જણાવો.

(A) ભાવે પ્રયોગ (B) પ્રેરક વાક્ય

(C) કર્મણિ (D) કર્તરિ

025. જ્યારે શબ્દની આગળ કોઈ સંખ્યારૂપે વિશેષણ આવે ત્યારે .... સમાસ બને છે.

(A) દ્વિગુ (B) દ્વન્દ્વ

(C) તત્પુરૂષ (D) ઉપપદ

026. નીચેનામાંથી કઈ જોડણી સાચી નથી?

(A) વિદૂષક (B) વિશ્લેષણાત્મક

(C) શુશ્રુષા (D) ગિરિશૃંગ

027. 'અન્વેષણા' - શબ્દની સંધિ છોડો.

(A) અનુ + એષણા (B) અન + વૈષણા

(C) અનુ + ઐષણા (D) અન + એષણા

028. 'મૃદંગ રાતોરાત પ્રખ્યાત થઈ ગયો.' આ વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધો.

(A) મૃદંગ (B) પ્રખ્યાત

(C) રાતોરાત (D) થઈ

029. નીચે દર્શાવેલ તળપદા શબ્દો અને તેના શિષ્ટરૂપોની યોગ્ય જોડી પસંદ કરો.

(1) મોરે-મોખરે

(2) કાછ-કાજ

(3) મોંહુઝણું-પરોઢ

(4) ભાળ-ભાત

(A) (1) અને (2) (B) (1) અને (3)

(C) (3) અને (4) (D) (2) અને (4)

030. 'ધા ભેગો ઘસરકો' - કહેવતનો અર્થ સ્પષ્ટ કરો.

(A) દુઃખીને વધારે દુઃખ આપવું.

(B) અત્યંત ગરીબાઈ હોવી.

(C) દેખીતું નુકસાન છતાં સરવાળે તેનો ફાયદો થવો.

(D) મોટા દુઃખ ભેગુ નાનુ દુઃખ.

031. કયા કાવ્ય પ્રકારનું બંધારણ 14 પંક્તિઓનું હોય છે?

(A) ગઝલ (B) ઊર્મિગીત

(C) સોનેટ (D) હાઈકુ

032. 'વૈષ્ણવજન તો તેને રે કહીએ' - કાવ્યનો પ્રકાર જણાવો.

(A) પદ (B) ભજન

(C) ગીત (D) ઊર્મિગીત

033. નીચેનામાંથી સાહિત્યકાર-કૃતિ વિશે કઈ બાબત સાચી નથી.

(A) 'શગ રે શકોરુ' નવલકથાની રચના વર્ષા અડાલજા દ્વારા કરવામાં આવેલ છે.

(B) 'સિકંદરસાની' એ રઘુવીર ચૌધરી રચિત નાટક છે.

(C) રા.વિ.પાઠક દ્વારા લખાયેલ કાવ્ય સંગ્રહોમાંનો એક 'શેષનાં કાવ્યો' છે.

(D) રમેશ પરેખની તમામ કવિતા 'મારું નામ તારું નામ' સંગ્રહમાં પ્રકાશિત થયેલ છે.

**034.** યોગેશ જોષી દ્વારા લખાયેલ પ્રખ્યાત વાર્તા નીચેનામાંથી શોધીને જણાવો.

(A) લાડુંનું જમણ

(B) રસિક ભૈ, રસો

(C) જન્મોત્સવ

(D) દીકરો

**035.** 'મીઠી માથે ભાત' કાવ્યના અંગ્રેજીમાંથી ભાવાનુવાદ કરનાર કોણ છે?

(A) ઝવેરચંદ મેઘાણી

(B) પ્રેમાનંદ

(C) વિઠ્ઠલરાય અવસત્થી

(D) વેણીભાઈ પુરોહિત

**036.** Radhika was very tired and _______ a sleep immediately.

(A) Fall

(B) Fell

(C) Fallen

(D) Falled

**037.** In the following sentence, identify the type of the underlined word.

'Astha was very <u>excited</u> to meet the Chief Minister.'

(A) Verb

(B) Adverb

(C) Adjective

(D) Pronoun

**038.** Study the following words and form an appropriate passive voice sentence from them.

A new bike/ ride/ my brother/right now

(A) A new bike rides my brother right now.

(B) A new bike is rided by my brother right now.

(C) A new bike is being rided by my brother right now.

(D) A new bike is being ridden by my brother right now.

**039.** The Metro train will Pass _______ the tunnel.

(A) By

(B) In

(C) Through

(D) Into

**040.** Identity the set of words that's how correct change when transformed into indirect speech.

(1) Come – go

(2) Today - the following day

(3) Now - here

(4) Last week- the previous week.

(A) (1) and (2)

(B) (2) and (3)

(C) (3) and (4)

(D) (1) and (4)

041. ઉર્ધ્વ વક્ર માટે _______ વક્ર સારો છે.

(A) વ્રુતીય (B) સ્પાયરલ

(C) પરવલય (D) ઉપવલય

042. વર્નિયર કેલીપર્સ તથા માઈક્રોમીટરની ચોકસાઈ _______થી ચકાસી શકાય.

(A) રીંગ ગેજ (B) સ્લીપ ગેજ

(C) પ્લગ ગેજ (D) ફીલર ગેજ

043. AutoCAD માં વર્ક સ્પેસની સંખ્યા _______ છે.

(A) 1 (B) 4

(C) 3 (D) 2

044. રેખા તેનું પરિમાણ 14.52 દર્શાવે છે. આ રેખાની ચોકસાઈ _______ છે.

(A) 0.0

(B) 0.000

(C) 0. 00

(D) લંબાઈના પ્રદર્શનને ચોકસાઈ સાથે કોઈ લેવાદેવા નથી

045. AutoCAD માં _______ કમાન્ડ આપણને અમુક સ્ટેટસના આધારે ઑબ્જેક્ટ્સ પસંદ કરવા દે છે?

(A) Properties (B) Qselect

(C) Pselect (D) Attributes

046. _______ CAD કમાન્ડ ગોળાકાર અથવા લંબચોરસ પેટર્નમાં વસ્તુઓની બહુવિધ નકલો બનાવે છે?

(A) Array (B) Extend

(C) Chamfer (D) Rotate

047. _______ ટૂલનો ઉપયોગ રંગ/પેટર્ન ડિઝાઈન સાથે ઑબ્જેક્ટ ભરવા માટે થાય છે.

(A) Arc (B) Hatch

(C) Line (D) Pattern

048. AutoCAD _______ દિશામાંથી ખૂણા માપવાનું શરૂ કરે છે?

(A) 9 o'clock (B) 6 o'clock

(C) 3 o'clock (D) 12 o'clock

049. સરકયા વગર સીધી રેખા પર ફરતા એક વર્તુળ પરના કોઈ એક બિંદુથી _______ રચાય.

(A) એપીસાઈક્લોઈડ (Epicycloid)
(B) અતિવલય (Hyperbola)
(C) સાઈક્લોઈડ (Cycloid)
(D) સર્પાકાર

050. જ્યારે કટીંગ પ્લેન અક્ષની સમાંતર હોય છે, ત્યારે _______ કોનિકલ વક્ર બને છે.

(A) વર્તુળ
(B) પેરાબોલા (Parabola)
(C) ઈલીપ્સ (Ellipse)
(D) હાઈપરબોલા (Hyperbola)

051. જો રેખાનું ટોચનું દશ્ય એક બિંદુ છે, તો તેનું આગળનું દશ્ય _______ છે.

(A) xy રેખાની સમાંતર અને સાચી લંબાઈ
(B) xy રેખાની સમાંતર અને દેખીતી લંબાઈ
(C) xy રેખાને કાટખૂણે સાચી લંબાઈ
(D) xy રેખાની કાટખૂણે દેખીતી લંબાઈ

052. જો બિંદુ "P" HP ઉપર અને VP ની પાછળ હોય, તો બિંદુ _______ ચરણમાં હશે.

(A) પ્રથમ ચરણ
(B) બીજુ ચરણ
(C) ત્રીજુ ચરણ
(D) ચોથુ ચરણ

053. ISI મુજબ $B_0$ પ્રકારના ડ્રોઈંગ બોર્ડની સાઈઝ _______ છે.

(A) 350મીમી × 500 મીમી
(B) 650મીમી × 900 મીમી
(C) 400મીમી × 650 મીમી
(D) 900મીમી × 1250 મીમી

054. IS-962-1967 મુજબ A1 સાઈઝની ડ્રોઈંગ શીટનુ કટીંગ બાદ માપ _______ છે.

(A) 841મીમી × 1149 મીમી
(B) 594મીમી × 841 મીમી
(C) 650મીમી × 900 મીમી
(D) 1149 મીમી × 594 મીમી

055. _______ એંગલમાં વસ્તુનો પ્લાન ઉપર તરફ અને ડાબી બાજુનો દેખાવ જમણી તરફ તથા _______ એંગલમાં વસ્તુનો પ્લાન નીચે તરફ અને ડાબી બાજુનો દેખાવ ડાબી તરફ બનાવાય છે.

(A) ફર્સ્ટ, થર્ડ
(B) થર્ડ, ફર્સ્ટ
(C) ફર્સ્ટ, ફર્સ્ટ
(D) થર્ડ, થર્ડ

056. પ્રોટેકટર ન હોય તે વખતે _______ સ્કેલનો ઉપયોગ ખૂણા માપવા કરી શકાય.

(A) પ્લેન સ્કેલ
(B) વર્નિયર સ્કેલ
(C) કોર્ડ
(D) ડાયાગોનલ (Diagonal) સ્કેલ

057. યુનિ-ડાયરેકશનલ પધ્ધતિમાં માપ _______ બાજુથી વાંચી શકાય.

(A) ઉપરની બાજુથી
(B) નીચેની બાજુથી
(C) જમણી બાજુથી
(D) ડાબી બાજુથી

058. આઇસો-મેટ્રીક ચિત્રમાં વર્તુળ _______ દેખાશે.

(A) ચક્રજ
(B) પરવલય
(C) વર્તુળ
(D) અંડાકૃતિ

059. કન્ટુર લાઇન મેપમાં જો મેપની અંદર કન્ટુરનું માપ વધે તો તે _______ અને મેપની અંદર કન્ટુરનું માપ ઘટે તો તે _______ દર્શાવે છે.

(A) ખાઇ, પહાડ
(B) સમતલ, ખાઇ
(C) પહાડ, ખાઇ
(D) પહાડ, સમતલ

060. તલેક્ષણમાં _______ પ્રકારની ત્રુટીની તકલીફ આવી શકે.

(A) હકારાત્મક
(B) નકારાત્મક
(C) પ્રગતિશીલ
(D) સરભર

061. અસમાન વક્રાકાર સપાટીનું ક્ષેત્રફળ માપવા _______ નો ઉપયોગ થાય છે.

(A) પેન્ટાગ્રાફ
(B) પ્લાનીમીટર
(C) રેન્જીંગ
(D) ક્લોનોગ્રાફ

062. કન્ટુર લાઇન પર લખેલ વાચનાક _______ દર્શાવે છે.

(A) ઊંચાઇ
(B) ઊંડાઇ
(C) ઢાળ
(D) લંબાઇ

063. વરસાદી પાણીની પાઇપમાં _______ બેન્ડ લગાવાય છે.

(A) હિલ-રેસ્ટ બેન્ડ
(B) ડોર બેન્ડ
(C) શુ બેન્ડ
(D) પ્લેન બેન્ડ

064. _______ પુલને આયરીશ પુલ તરીકે પણ ઓળખવામાં આવે છે.

(A) લો લેવલ કોઝ વે
(B) કોઝ વે
(C) ઉચ્ચતમ પુલ
(D) ફ્લશ કોઝ વે

065. લંબાઈ વધારવા _______ જોઈન્ટ અને પહોળાઈ વધારવા _______ જોઈન્ટ ઉપયોગમાં લેવાય છે.

(A) લેપ, ટંગ -ગ્રુવ
(B) ટંગ - ગ્રુવ, લેપ
(C) મોર્ટાઈલ, બ્રિડલ
(D) ડવટેઈલ, ગ્રુવ

066. 8 DS 20 દરવાજાના ફ્રેમની સાઈઝ _______ છે.

(A) 800 મીમી × 2000 મીમી
(B) 1000 મીમી × 2100 મીમી
(C) 1200 મીમી × 2100 મીમી
(D) 790 મીમી × 1990 મીમી

067. AutoCAD માં કોઈ પર્ટીકયુલર બિંદુથી વસ્તુને પકડવા _______ કમાન્ડ વપરાય છે.

(A) GRID
(B) O-SNAP
(C) ORTHO
(D) POINT

068. ઈટની પહોળાઈ અને ઉંચાઈવાળા ભાગને _______ તથા ઈટની ઉંચાઈ અને લંબાઈવાળા ભાગને _______ કહે છે.

(A) સ્ટ્રેચર, હેડર
(B) ક્લોઝર, બેટ
(C) બેટ, કવીન ક્લોઝર
(D) હેડર, સ્ટ્રેચર

069. ચાર ઘન-મીટર ચણતરમાં ઈટની સંખ્યા _______ છે.

(A) 500
(B) 2500
(C) 2000
(D) 5000

070. એક રેખાનું પૂર્ણ-વૃત બેરિંગ 73° છે તો તેનુ વૃત-પાદ બેરિંગ _______ છે.

(A) N73°E
(B) S 73°E
(C) N 73°W
(D) E 73°S

071. GIF એટલે _______.

(A) ગ્રાફિક ઈન્ફોર્મેશન ફાઈલ
(B) ગ્રાફિક ઈન્ટરચેન્જ ફોર્મેટ
(C) ગ્રાફિક ઈન્ફોર્મેશન ફોર્મેટ
(D) ગ્રાફિક ઈન્ટરચેન્જ ફાઈલ

072. IRC મુજબ STOP સાઈનનો આકાર _______ Give way સાઈનનો આકાર _______ અને Warning સાઈનનો આકાર _______ છે.

(A) અષ્ટકોણાકાર, ત્રિકોણાકાર, લંબ-ચોરસ
(B) અષ્ટકોણાકાર, લંબ-ચોરસ ,ત્રિકોણાકાર
(C) લંબ-ચોરસ, અષ્ટકોણાકાર, ત્રિકોણાકાર
(D) ત્રિકોણાકાર, લંબ-ચોરસ ,અષ્ટકોણાકાર

073. બારણાની ફ્રેમના ઉભા મેમ્બરને _______ અને ફ્રેમની બાજુએ રહેલા દીવાલના ભાગને _______ કહે છે.

(A) જેમ્બ, હોર્ન (B) સીલ, રૈઈલ

(C) રીવીલ, પોસ્ટ (D) સ્ટાઈલ, સીલ

074. દાદરમાં સ્ટેપ અને હેન્ડ રેલ વચ્ચેના ઉભા મેમ્બરને _______ કહે છે.

(A) નેવેલ પોસ્ટ (B) પ્રોપ્સ

(C) સ્ટ્રીંગ (D) બ્લુસ્ટર

075. રહેણાક્ના મકાનમાં ફ્રેરૂલની સાઈઝ _______ છે.

(A) 1 મીમી - 5 મીમી (B) 10 મીમી - 50 મીમી

(C) 100 મીમી - 50 મીમી (D) 1000 મીમી - 5000 મીમી

076. વોટર ક્લોઝેટ અને મુતરડીમાંથી આવતા ડીસ્ચાર્જનું વહન કરતા પાઈપને _______ અને બાથરૂમ, કિચન અને વોશબેઝીનમાંથી આવતા ડીસ્ચાર્જનું વહન કરતા પાઈપને _______ કહે છે.

(A) સોઈલ પાઈપ, વેસ્ટ પાઈપ (B) વેસ્ટ પાઈપ , સોઈલ પાઈપ

(C) વેન્ટ પાઈપ, એન્ટી-સાઈફોનેજ પાઈપ (D) એન્ટી-સાઈફોનેજ પાઈપ , વેન્ટ પાઈપ

077. જો નકશાનો સ્કેલ 1 સેમી = 50 મીટર હોય તો તેનો નિરૂપીત અપૂર્ણાંક _______ છે.

(A) 1/50 (B) 1/500

(C) 1/5000 (D) 1/50000

078. પ્લેન ટેબલની સામાન્ય સાઈઝ _______ છે.

(A) 75 સેમી × 60 સેમી (B) 60 સેમી × 70 સેમી

(C) 76 સેમી × 76 સેમી (D) 70 સેમી × 70 સેમી

079. નકશા ઉપર 64 ચોરસ સેન્ટીમીટર ક્ષેત્રફળ જો જમીન પર 4096 ચોરસ મીટર ક્ષેત્રફળ દર્શાવતુ હોય તો નકશાનો સ્કેલ _______ છે.

(A) 1 સેમી = 64 મીટર (B) 1 સેમી = 8 મીટર

(C) 1 સેમી = 80 મીટર (D) 1 સેમી = 50 મીટર

080. એલીડેડ સાધન _______ પ્રકારના સર્વેક્ષણમાં વપરાય છે.

(A) પ્લેન ટેબલ સર્વેક્ષણ (B) કપાસ સર્વેક્ષણ

(C) સાકળ સર્વેક્ષણ (D) ટેકયો-મેટ્રીક સર્વેક્ષણ

081. સમતલ સપાટીને સ્પર્શક રૂપે આવેલ સપાટીને _______ અને ઓળમ્બો રેખાને કાટખૂણે આવેલ તલને _______ કહે છે.

(A) ઉધ્વાર્ધર સપાટી, ઉધ્વાર્ધર તલ
(B) વક્રાકાર સપાટી, વક્રાકાર તલ
(C) સ્વિકૃત સપાટી, સ્વીકૃત તલ
(D) ક્ષૈતિજ સપાટી, ક્ષૈતિજ તલ

082. પ્રિઝમેટીક કમ્પાસ _______ બેરીંગ તેમજ સર્વેયર કપાસ _______ બેરિંગ આપે છે.

(A) પુર્ણ-વૃત બેરિંગ, વૃત-પાદ બેરિંગ
(B) વૃત-પાદ બેરિંગ, પુર્ણ-વૃત બેરિંગ
(C) પુર્ણ-વૃત બેરિંગ, પુર્ણ-વૃત બેરિંગ
(D) વૃત-પાદ બેરિંગ, વૃત-પાદ બેરિંગ

083. કોઈ પણ રેખાના ઉત્તર – દક્ષિણ રેખાને સમાંતર દિશામાં માપેલ માપને _______ અને પૂર્વ-પશ્ચિમ રેખાને સમાંતર દિશામાં માપેલ માપને _______ કહે છે.

(A) રેખાંશ અંતર, અક્ષાંશ અંતર
(B) સ્વતંત્ર યામ, ક્રમિક યામ
(C) અક્ષાંશ અંતર, રેખાંશ અંતર
(D) ક્રમિક યામ, સ્વતંત્ર યામ

084. _______ ખંડને નેશનલ બિલ્ડીંગ કોડ મુજબ હેબીટેબલ રૂમ કહે છે.

(A) પૂજા રૂમ
(B) માત્ર રસોડુ
(C) માત્ર સ્ટોર
(D) અભ્યાસ ખંડ

085. નેશનલ બિલ્ડીંગ કોડ મુજબ _______ વિગત ત્રુટક લાલ રેખાથી અને _______ વિગત ત્રુટક કાળી રેખાથી દર્શાવી શકાય.

(A) સુચીત રસ્તો, હયાત શેરી
(B) વોટર સપ્લાય, ગટર કામ
(C) ગટર કામ, વોટર સપ્લાય
(D) બિલ્ડીંગ લાઈન, ગેસ લાઈન

086. AutoCAD માં વધુમાં વધુ _______ બાજુવાળો અને ઓછામાં ઓછી _______ બાજુવાળો બહુકોણ દોરી શકાય.

(A) 512, 5
(B) 1024, 3
(C) 24, 6
(D) 12, 8

087. સાકળ સર્વેક્ષણમાં સાકળ રેખાને લંબ _______ સાધનનો ઉપયોગ કરી લેવાય છે.

(A) ક્લીનો-મીટર
(B) થિયોડોલાઈટ
(C) પ્રિઝમેટીક કપાસ
(D) ઓપ્ટીકલ સ્કવેર

088. GPS પધ્ધતિમાં _______ એન્ટેના વધુ વપરાય છે.

(A) માઈક્રો-સ્ટ્રીપ
(B) માઈક્રો-પોલ
(C) સ્પાઈરલ હેલીક્ષ
(D) ચોક-રીંગ

089. ડ્રોઈંગમાં સ્બ-ટાઈટલ (ઉપ-શીર્ષક) માટે ઊંચાઈ _______ છે.

(A) 6 મીમી - 8 મીમી
(B) 11 મીમી - 12 મીમી
(C) 3 મીમી - 5 મીમી
(D) 9 મીમી - 10 મીમી

090. પ્રોટેકટર ઉપલબ્ધ ન હોય તેવા સંજોગોમાં ખૂણો બનાવવા _______ વપરાય છે.

(A) વિકર્ણ સ્કેલ
(B) જીવા સ્કેલ
(C) તુલનાત્મક સ્કેલ
(D) સાદો સ્કેલ

091. મકાન અને વૃક્ષ વચ્ચેનું ન્યુનત્તમ અંતર સામાન્ય રીતે _______ રાખવામાં છે.

(A) 4 મીટર
(B) 8 મીટર
(C) 6 મીટર
(D) 5 મીટર

092. ડ્રોઈંગ શીટ વાળવા (ફોલ્ડ કરવા) માટે _______ BIS કોડમાં સમજુતી આપેલ છે.

(A) IS-11664-1989
(B) IS-11664-1987
(C) IS-11664-1986
(D) IS-11664-1981

093. જો બિંદુ P એ HP ની ઉપર અને VP ની પાછળ હોય તો બિંદુ P _______ ચરણમાં હોય.

(A) પ્રથમ ચરણ
(B) દ્વિતીય ચરણ
(C) તૃતીય ચરણ
(D) ચતુર્થ ચરણ

094. HP સાથે ખૂણો બનાવતી અને VP ને સમાંતર પંચકોણ પ્લેટનો સામેનો દેખાવ _______ હશે.

(A) ત્રિકોણ
(B) રેખા
(C) પંચકોણ
(D) બિંદુ

095. 150 મીમી લાંબી સાચી રેખા સમમીતીય સ્કેલ પર _______ મીમી દેખાશે.

(A) 122.47 મીમી
(B) 150 મીમી
(C) 75 મીમી
(D) 121.47 મીમી

096. નીચેનામાંથી _______ વક્ર જેની ઉત્કેંદ્રતા શૂન્ય છે.

(A) ઉપવલય
(B) પરવલય
(C) વર્તુળ
(D) અતિવલય

**097.** સીધા સળિયાના છેડે જરૂરી હુક લંબાઈ _______ તેમજ સ્ટીરપ્સ (Stirrups) ના હુક માટે જરૂરી હુક લંબાઈ _______ છે.

(A) 9 X વ્યાસ, 12 X વ્યાસ

(B) 10 X વ્યાસ, 9 X વ્યાસ

(C) 7.5 X વ્યાસ, 9 X વ્યાસ

(D) 12 X વ્યાસ, 12 X વ્યાસ

**098.** 'D' વ્યાસના સળિયાના એક મીટર લંબાઈના સળીયાનું વજન કિલોગ્રામમાં _______ છે.

(A) $D^3/122$

(B) $D^3/152$

(C) $D^3/142$

(D) $D^3/162$

**099.** પૂર્ણ કાચની બારીના રંગકામની રાશી ગણત્રી માટે દરેક બાજુનો ગણત્રીનો ગુણાંક _______ તેમજ ફ્લશ દરવાજાના રંગકામની રાશી ગણત્રી માટે દરેક બાજુનો ગણત્રીનો ગુણાંક _______ છે.

(A) 0.8, 1.8

(B) 0.5, 1.2

(C) 1.2, 1.2

(D) 1.5, 1.0

**100.** એક હેક્ટર = _______ એકર અને એક એકર = _______ ચો. મીટર.

(A) 2.471, 4047

(B) 2, 100

(C) 2.50, 1000

(D) 5, 10000

**પરીક્ષા આપનાર ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગનિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**